# દેશમાં ૨૪ કલાકમાં ૯૦૮૦૨ કેસ

## વિશ્વમાં ૨ કરોડ ૭૦ લાખ ૬૦ હજાર ૨૫૫ કેસ : ભારતમાં રિકવરી રેટ સુધરીને ૭૭.૩ ટકા સુધી, ૨૪ કલાકમાં ૬૯૫૬૪ દર્દીઓ કોરોનામાંથી સ્વસ્થ્ય થયા

ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન અત્યાર સુધીના સૌથી વધુ ૯૦૮૦૨ કેસ નોંધાતાં ચેપગ્રસ્તોનો કુલ આંકડો ૪૨૦૪૬૧૩ સુધી પહોંચી ગયો છે. ભારતમાં રિકવરી રેટ સુધરીને ૭૭.૩ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૯૫૬૪ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૨૫૦૪૨૯ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતાં ત્રણ ગણાં કરતાં પણ વધારે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૭૧૬૪૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮૮૨૫૪૨ એક્ટિવ કેસ છે. બીજી તરફ, વિશ્વમાં કોરોનાના અત્યાર સુધી ૨ કરોડ ૭૦ લાખ ૬૦ હજાર ૨૫૫ કેસ સામે આવી ચૂક્યા છે. તેમાંથી ૧ કરોડ ૯૧ લાખ ૬૦ હજાર ૪૦ દર્દી સ્વસ્થ થઈ ચૂક્યા છે જ્યારે ૮ લાખ ૮૩ હજાર ૬૧૮ લોકોના મોત થયા છે. ઓસ્ટ્રેલિયાની રાજધાની મેલબર્નમાં રવિવારે લોકડાઉનને બે અઠવાડિયા માટે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિક્ટોરિયા રાજ્યના પ્રમિયર ડેનિયલ એન્ડ્રુઝે કહ્યું કે રાજ્યમાં કેસ ઘટ્યા છે. જોકે સાવધાની રાખીને લોકડાઉન ૨૮ સપ્ટેમ્બર સુધી લંબાવવાનો નિર્ણય લેવામા આવ્યો છે. ઈટલીની રાજધાની રોમમાં રવિવારે લોકોએ માસ્ક લગાવવાના નિયમ વિરુદ્ધ દેખાવો કર્યા હતા. લોકો સરકારના આ નિર્ણયથી નારાજ છે. દેશમાં અત્યાર સુધી ૩૫ હજાર ૫૩૪ લોકોના મોત થયા છે જ્યારે ૨ લાખ ૭૬ હજાર ૩૩૮ કેસ નોંધાયા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૭૩૩૨૧૯૯ | ૮૯૩૭૦૦ | ૧૯૪૧૦૪૩૪ |
| ભારત | ૪૨૪૨૭૩૪ | ૭૨૧૭૪ | ૩૨૮૯૯૩૦ |
| ગુજરાત | ૧૦૫૬૭૧ | ૩૧૨૩ | ૮૬૧૩૪ |
| ગાંધીનગર | ૨૬૮૭ | ૧૪૫ | ૨૧૯૭ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૩૦ કેસ

## કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૧૨૩ પર પહોંચ્યો : એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૬૫૧૪ પર પહોંચી, જ્યારે ૮૯ લોકો વેન્ટીલેટર પર અને ૮૬૦૩૪ લોકો ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૭

રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૨૬૯૦ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૩૦ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧૦૫૬૭૧૦ થયો છે. આની સાથે કુલ મૃત્યુઆંક ૩૧૨૩ થયો છે. રાજ્યમાં આજે ૧૨૭૬ દર્દીઓ સાજા થયા આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૮૬૦૩૪ થયો છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ આજની સ્થિતિ ૧૬૫૧૪ થયો છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૬૪૨૫ સ્ટેબલ છે. રાજ્યમાં અનલોક-૪ ૧લી સપ્ટેમ્બરે શરૂ થવાની સાથે ૧૩૦૦થી વધુ કેસ આ સપ્તાહમાં નોંધાતા કુલ કેસ ૯૩૨૬ નોંધાયા છે. આ જ રીતે ડિસ્ચાર્જ થવાનો આંકડો પણ ૧૧૦૦-૧૨૦૦ને પાર થતા આ સપ્તાહમાં કુલ ૮૨૫૨ દર્દી ડિસ્ચાર્જ થયા છે. કુલ સાજા થવાનો દર ૮૧.૪૨ ટકા થયો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે સુરત શહેરમાં ૪ અને જિલ્લામાં ૨, અમદાવાદ શહેરમાં ૩, અમરેલી, બનાસકાંઠા, ભાવનગર, રાજકોટ શહેર, વડોદરા શહેર અને જિલ્લામાં ૧ મોત સાથે ૧૫ દર્દીના મોત કોરોનાને લીધે થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૯ અને જિલ્લામાં ૨૩ સાથે કુલ ૧૭૨ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૨૬૯૬ થયો છે. આજે ૩ મોત નોંધાતા કોરોનાને લીધે ૧૭૩૮ કુલ મોત નોંધાયા છે. સુરત શહેરમાં ૧૭૫ અને જિલ્લામાં ૧૧૧ સાથે કુલ ૨૮૬ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૨૬૨૩ થયો છે. આજે ૬ મોત સુરતમાં કોરોનાને લીધે નોંધાતા કુલ મોત ૬૬૮ થયા છે. વડોદરા શહેરમાં ૯૧ અને જિલ્લામાં ૩૭ સાથે ૧૨૮ કેસ નોંધાતા કોરોના સંક્રમિતનો આંકડો ૯ હજારને પાર થઈ ૯૦૬૫ થયો છે. જ્યારે વધુ ૨ મોત સાથે કુલ મોત ૧૪૨થયો છે. રાજકોટ શહેરમાં ૯૬ અને જિલ્લામાં ૫૨ સાથે કુલ ૧૪૮ કેસ નોંધાતા કોરોના સંક્રમિતનો આંકડો ૫૭૧૨ થયો છે. આજે વધુ ૧ મોદ નોંધાતા કુલ મોત ૧૦૦ થયા છે.

# દિલ્હી-અમદાવાદ રાજધાનીમાં ૨૦ મુસાફરો કોરોના પોઝિટિવ

## ૧૮ લોકોને કોઈ લક્ષણો જોવા મળ્યા નહી : ૨૦ મુસાફરોમાંથી, ૨ની ઉંમર ૭૦ વર્ષથી વધુ ઉંમરના હોવાથી તેમને લાઇફ કેર હોસ્પિટલમાં દાખલ કરાયા છે

અમદાવાદ,તા.૭

દિલ્હી-અમદાવાદ રાજધાની એક્સપ્રેસમાં કોરોના વાયરસ પરીક્ષણમાં અમદાવાદ સ્ટેશન પર ૨૦ મુસાફરો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ પૈકીના ૧૮ મુસાફરોની તપાસ દરમિયાન કોરોનાનાં ચિહ્નો જોવા મળ્યાં નથી. ટ્રેનમાં સવાર ૧૮ મુસાફરો એસિમ્પ્ટમેટિક હતા. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. કુલ ૨૦ મુસાફરોમાંથી, ૨ની ઉંમર ૭૦ વર્ષથી વધુ ઉંમરના હોવાથી તેમને લાઈફ કેર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મામલો પ્રકાશમાં આવ્યા પછી, તેમને ક્વોરન્ટીન સેન્ટરમાં મોકલવામાં આવી રહ્યા છે. તે જ સમયે, સંપર્ક ટ્રેસિંગ પણ શરૂ કરવામાં આવી છે. બસ ડેપો અને રેલ્વે સ્ટેશન પર સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યું છે. આ તમામ મુસાફરો એક જ કોચના હોવાનું પણ જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે દેશમાં હાલમાં અનલૉક ૪.૦ અંતર્ગત રાજધાની સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. તેવામાં આ મુસાફરોનું સ્ક્રિનિંગ કરવામાં આવતા તેમને કોરોના પોઝિટિવ જણાઈ આવ્યો છે. સમાચાર મળતાની સાથે તંત્ર દોડતું થઈ ગયું છે. દરમિયાન રાજધાનીના ૨૦માંથી ૧૮ પેસેન્જરો એ સિમ્પ્ટોમેટિક હોવાથી તેમને સમરસ હૉસ્ટેલમાં રાખવામાં આવ્યા છે. ભારતમાં કોવિડ-૧૯ના નવા કેસોની સંખ્યાથી ચિંતા અનેક ગણી વધી ગઈ છે. રવિવાર બાદ સોમવારે પણ ૨૪ કલાકમાં નોંધાયેલા કોરોના પોઝિટિવ લોકોની સંખ્યા ૯૦ હજારથી વધુ નોંધાઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ૨૪ કલાકમાં ૯૦,૮૦૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોરોના વાયરસના કારણે ૧,૦૧૬ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૪૨,૦૪,૬૧૪ થઈ ગઈ છે. આ ઉપરાંત, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૩૨ લાખ ૫૦ હજાર ૪૨૯ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૮,૮૨,૫૪૨ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૧,૬૪૨ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.



# ભારત ૨૦૨૧ની શરૂઆતમાં લૉન્ચ કરી શકે છે ચંદ્રયાન-૩ મિશન

## જોકે ચંદ્રયાન-૨ની વિપરીત આમાં ઓર્બિટર નહીં હોય, પરંતુ આમાં એક લેન્ડર અને એક રોવર હશે

ન્યુ દિલ્હી,તા.૭

ભારત પોતાનું આગામી ચંદ્ર અભિયાન ચંદ્રયાન-૩ વર્ષ ૨૦૨૧ ની શરૂઆતમાં લૉન્ચ કરી શકે છે. જોકે, ચંદ્રયાન-૨ ની વિપરીત આમાં ઓર્બિટર હશે નહીં, પરંતુ તેમાં એક લેન્ડર અને એક રોવર હશે.

કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે એક નિવેદનમાં કહ્યું કે, જ્યાં સુધી ચંદ્રયાન-૩ ની વાત છે તો તેનું પ્રક્ષેપણ ૨૦૨૧ ની શરૂઆતમાં પણ થવાની સંભાવના છે. ચંદ્રયાન ૩, ચંદ્રયાન ૨ નું જ બીજું અભિયાન હશે અને જેમાં ચંદ્રયાન ૨ ની જેમ એક લેન્ડર અને એક રોવર હશે.ગત્ત વર્ષે સપ્ટેમ્બરમાં ચંદ્રયાન ૨ ની ચંદ્રમાની સતહ પર હાર્ડ લેન્ડિંગ બાદ ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠને (ઈસરો) આ વર્ષના અંત સુધી એક બીજું અભિયાન લૉન્ચ કરવાની યોજના બનાવી હતી.જોકે, કોરોના મહામારી અને લોકડાઉને ઈસરોની અનેક પરિયોજનાઓ પ્રભાવિત કરી છે અને ચંદ્રયાન ૩ જેવા અભિયાનમાં મોડું થયું છે.



ચંદ્રયાન ૨ ને ગત્ત વર્ષે ૨૨ જુલાઈએ પ્રક્ષેપિત કરવામાં આવ્યું હતું. જેને ચંદ્રના દક્ષિણી ધ્રૂવ પર ઉતારવાની યોજના હતી, પરંતુ લેન્ડર વિક્રમે સાત સપ્ટેમ્બરે હાર્ડ લેન્ડિંગ કર્યું અને પોતાના પ્રથમ પ્રયાસમાં જ પૃથ્વીના ઉપગૃહની સપાટીને સ્પર્શવાનું ભારતનું સપનું તૂટી ગયું હતું. આ અભિયાન હેઠળ મોકલેલા ઓર્બિટર સારું કામ કરી રહ્યા છે અને જાણકારી મોકલી રહ્યા છે.

ચંદ્રયાન ૧ ને ૨૦૦૮ માં પ્રક્ષેપિત કરવામાં આવ્યું હતું.સિંહે કહ્યું કે, ઈસરોના પ્રથમ ચંદ્ર અભિયાને અમુક ચિત્રો મોકલ્યા છે, જે પ્રદર્શિત કરે છે કે, ચંદ્રમાના ધ્રૃવો પર ધુળ જેવું લાગે છે.એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આવું થઈ શકે છે કે, પૃથ્વીનું પોતાનું વાતાવરણ તેમાં સહાયતા કરી રહ્યું હોય, બીજા શબ્દોમાં તેનો અર્થ થાય છે કે, પૃથ્વીનું વાતાવરણ ચંદ્રમાની પણ રક્ષા કરી રહ્યો હોય. આ પ્રકારે ચંદ્રયાન ૧ ના ડેટાથી સંકેત મળે છે કે, ચંદ્રના ધ્રૃવ પર પાણી છે, વૈજ્ઞાનિક તેની જ શોધ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અંતરિક્ષમાં માનવને મોકલવાના ભારતના પ્રથમ અભિયાન ગગનયાનની તૈયારીઓ શરૂ છે. સિંહે કહ્યું કે, ગગનયાનની તૈયારીઓમાં કોવિડ ૧૯ સાથેની અમુક અડચણો આવી છે, પરંતુ ૨૦૨૨ ની આસપાસની સમય સીમામાં પુરા કરવાના પ્રયત્નો શરૂ છે.

# વોડાફોન-આઈડિયાને નવી ઓળખ મળી, નામ હવે VI

નવી દિલ્હી, તા. ૭

હરિફ ટેલિકોમ ઓપરેટરોને ટક્કર આપવાના આશય સાથે વોડાફોન અને આઈડિયાએ સંયુક્ત રીતે મળીને પોતાનું નવું બ્રાન્ડ નામ બદલીને ‘Vi’ કરી નાખ્યું છે. કંપનીના મેનેજમેન્ટે એક પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરી છે. વોડાફોન અને આઈડિયાએ મર્જર થયાનાં ત્રણ વર્ષ બાદ બ્રાન્ડ નેમ ચેન્જ કરવાનો નિર્ણય કર્યો છે. કંપનીએ આ નિર્ણય મંદીનાં સમયમાં ઘટી રહેલાં ગ્રાહકોને ધ્યાનમાં રાખીને કર્યો છે.

વોડાફોન-આઈડિયાને હવે નવી ઓળખ મળી છે. વોડાફોન-આઈડિયાએ કંપનીનું નામ બદલીને VI કરવાની સાથે નવો લોગો પણ જાહેર કર્યો છે. તમે પણ જુઓ આ નવી બ્રાન્ડનો નવો લોગો.વોડાફોન ઈન્ડિયા લિમિટેડ હવે ‘Vi’ બની ગઈ છે. કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે ‘Vi’ નામ હેઠળ જ બંને કંપનીઓ બિઝનેસ કરશે. કંપનીએ કહ્યું છે કે ૪ય્ની સાથે કંપની પાસે 5G રેડી ટેકનોલોજી પણ છે. કંપનીએ એમ પણ દાવો કર્યો છે કે મર્જર થયા બાદથી દેશભરમાં ૪ય્ કવરેજ બમણો થઈ ગયો છે. જોકે કંપનીએ આ દરમિયાન નવી યોજનાઓની ઘોષણા કરી નથી, પરંતુ સંકેત આપવામાં આવ્યો છે કે ટેરિફના ભાવમાં વધારો થશે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વોડાફોન આઈડિયા લિમિટેડના સીઈઓ રવિન્દ્ર ટક્કરે એમ પણ કહ્યું છે કે બધા ઓછા ભાવે ડેટા વેચી રહ્યા છે અને પગલાં લેવામાં કંપનીને કોઈ શરમ નથી. અહીં, તે સંકેત છે કે આગામી સમયમાં વધુ સારી સેવા સાથે ટેરિફ વધારી શકાય છે. વોડાફોન અને આઈડિયાએ ટ્વીટર દ્વારા આ અંગેના સંકેતો આપ્યા હતા. વોડાફોને ટ્વિટ કરીને કહ્યું હતું કે આવતી કાલે એક મોટી જાહેરાત માટે તૈયાર રહો, સોમવારનો દિવસ અતી મહત્વનો સાબિત થશે. જ્યારે આ ટ્વિટને આઈડિયા દ્વારા રીટ્વીટ કરવામાં આવ્યું હતું.

# અનએકેડમી યુપીએસસી ચેમ્પિયનશિપ માટે નિવૃત્ત આઈએએસ અને ટોચના શિક્ષણવિદોને એક મંચ પર

દેશનુ સૌથી મોટુ લર્નિંગ પ્લેટફોર્મ અનએકેડમીએ સીએસઈ પ્રિલિમ્સ ૨૦૨૦, પેપર ૧, જનરલ સ્ટડી માટે ઈચ્છુક યુપીએસસીના વિદ્યાર્થીઓ માટે બીજી વખત યુપીએસસી સીએસઈ ચેમ્પિયનશિપનુ આયોજન હાથ ધર્યુ છે. આ ચેમ્પિયનશીપ વિદ્યાર્થીઓને પાંચ ફ્રી મોક ટેસ્ટ મારફત પોતાનુ જ્ઞાન ચકાસવાની તક પ્રદાન કરે છે. જેમાં યુપીએસસી પરીક્ષા પાસ કરવા માટે ટિપ્સ અને સ્ટ્રેટજી સહિત તેઓના પર્ફોર્મન્સ પર વિગતવાર ફિડબેક તૈયાર કરવામાં આવે છે. આ ટેસ્ટ ૩૦ ઓગસ્ટથી ૨૭ સપ્ટેમ્બર,૨૦૨૦ સુધી દર રવિવારે સવારના ૧૦ વાગ્યે અંગ્રેજી અને હિન્દીમાં યોજાશે.

આ ટેસ્ટ નિવૃત આઈએએસ રાકેશ વર્મા, મૃણાલ પટેલ, દિપિકા રેડ્ડી મઘામ, શરદ ત્રિપાઠી, દિપાંશુ સિંહ, મોહમ્મદ રિઝવાન અહમદ, આતિશ માથુર જેવા શ્રેષ્ઠ નિવૃત્ત યુપીએસસી અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવશે. આ તમામ અનએકેડમી પ્લેટફોર્મના શિક્ષકો છે. તેઓ પ્રત્યેક ટેસ્ટ બાદ વિદ્યાર્થી સાથે આ ટોચના શિક્ષકો સાથે અંગ્રજી, હિન્દી, અને દ્વિભાષીમાં વિસ્તૃત ચર્ચા અને લાઈવ એનાલિસિસ કરશે. પ્રત્યેક મોક ટેસ્ટમાં ઉત્તીર્ણ ટોપ ૩ વિદ્યાર્થીઓને યુપીએસસી સીએસઈ ૨૦૧૯ ટોપર્સ અને અનએકેડમીના ટોચના શિક્ષકો સાથે વાતચીત કરવા મળશે. ટોપ ૫ અને ત્યારબાદના ટોપ ૨૦ને ૬ મહિના અને ૩ મહિના સુધી અનએકેડમી યુપીએસસી સીએસઈ સબ્સક્રિપ્શન ફીમાં ઉપલબ્ધ થશે. સબસ્ક્રિપ્શનમાં લાઈવ ક્લાસિસ મારફત સ્ટ્રક્ચર્ડ અને કોમ્પ્રેહેન્સિવ કોર્સ સામેલ રહેશે.

## નવા સીમાંકન મુદ્દે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૧ વોર્ડમાંથી ૬ વોર્ડ શહેરમાં અને પાંચ વોર્ડ ગ્રામ્ય વિસ્તારમાં થશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે તંત્ર પણ અલગથી જ કવાયત આ અંગે કરી રહ્યુ છે પરંતુ સત્તાધારી પક્ષની રજુઆતને પણ તે ધ્યાને લેશે. હાલ ૨૦૧૧ની વસ્તીના પરિણામો અને મતદારોની વધતી જતી સંખ્યાને પણ ધ્યાનમાં લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

નવા સીમાંકનમાં છેલ્લી વિધાનસભાની ચૂંટણીના પરિણામો, તા.પં., જિ.પં.ની ચૂંટણીના પરિણામો ઉપરાંત લોકસભામાં રહેલા ટ્રેન્ડને પણ ધ્યાને લેવામાં આવશે. ભાજપમાં પ્રવર્તતી જૂથબંધીને લઈ પ્રદેશ નેતાગીરી આમેય નારાજ છે. હાલ તો તમામ જૂથો પોતપોતાની રીતે દરખાસ્તો તૈયાર કરી રજુ કરવાના મૂડમાં દેખાય છે.

## વધુ ૧૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સિનીયર સાયન્ટીસ્ટ તરીકે સેવારત એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માં રહેતા અને નાણાં વિભાગમાં ડે.એસ.ઓ. તરીકે સેવારત ૪૯ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૫ માંથી એક ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૮ માંથી એક ૭૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે સિવિલ ગાંધીનગરમાં દાખલ કરવામાં આવેલ છે.

રાજ્ય પોલીસ વડાની કચેરીમાં હેડ ક્લાર્ક સંવર્ગમાં ફરજ બજાવતા અને સે. ૭ માં રહેતા એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી બીજો કેસ એક ૫૪ વર્ષીય પુરૂષનો આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. તંત્રએ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલ સે. ૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. અમદાવાદ સિવિલમાં સ્ટાફ નર્સ તરીકે સેવારત ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૪ માં રહેતા અને કાયદા વિભાગમાં ડે. એસ.ઓ. તરીકે ફરજો બજાવતા એક ૫૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે સોલા સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૩ ના એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીને સારવાર માટે સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૮ માં રહેતા અને વાણિજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલ એક ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માંથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે યુ.એન. મહેતામાં દાખલ કરવામાં આવેલ છે.

ગૃહ વિભાગમાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે.૩ માં રહેતા ૬૧ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. એસ.આર.પી.માં ફરજો બજાવતા અને સે. ૨૦માં રહેતા એક ૫૧ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૨૦ના આંકને પાર કરી ગઈ છે. નવા સેક્ટરોમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે.

## સંક્રમણ ઘટશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અલબત્ત કોરોનાની મહામારી નિયંત્રણમાં આવવાની સાથે તેની તિવ્રતા પણ ઓછી થવાની સંભાવના છે. તા ૨૯ સપ્ટેમ્બરથી શનિ માર્ગી થતા કોરોનાનો ભય પણ ઓછો થવાની શકયતા છે. શનિને વિશ્વના વૈદ્ય પણ શાસ્ત્રમાં વર્ણવ્યા છે. તે અનુસાર કોરોના મહામારી અંગે ૨૯ સપ્ટેમ્બરથી કોરોનાની મહામારીને ડામવા માટે કોઈ કારગર ઉપાય મળવાની પણ સંભાવના છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે રાહુ શનિ અને ગુરુ સ્લો મુવીંગ પ્લેનેટ છે. જેથી અચાનક જ કોરોના નાબુદ થઈ જાય તેવુ જણાંતુ નથી.પરંતુ ધીમે ધીમે ચોક્કસ ગતિથી કોરોના નાબુદ થશે. જેમાં તા ૫ એપ્રિલ વર્ષ ૨૦૨૧ના રોજ ગુરુની સ્થિતિ બદલાય છે. ત્યારે જનજીવનને હાંશકારો થશે. કોરોના મહદઅંશે નાબુદ થઈ ગયો હશે જયારે જનજીવન પણ પહેલાની જેમ સામાન્ય બનતુ જણાંશે. એક જ સ્થાનમાં વધુ ગ્રહો ભેગા થયા હોવાથી આ પરિસ્થિતિ ઉભી થઈ છે. જયારે શનિ રાહુની પરિસ્થિતિના લીધે શ્રાપિત પરિસ્થિતિ સર્જાઈ છે. જેથી માનવજાતે જે કુદરત વિમુખ વર્તન કર્યુ તે દોષનો દંડ ભોગવવાનો સમય શરૂ થયો પરંતુ વિષાણુયુક્ત મહામારીનો કોરોના સ્વરૂપે ઉદભવ ગુરુરાહુની પ્રતિયુતિના લીધે થયો છે. કોરોનાગ્રસ્ત સમગ્ર સમાજ ન હોવા છતા શનિની વક્રી ગતિના લીધે સમાજે શારિરીક , આર્થિક માનસિક તકલીફો ભોગવવાનો વારો આવ્યો છે. પરંતુ આગામી તા ૨૯ સપ્ટેમ્બરથી પરિસ્થિતિમાં ઘણો સુધાર આવશે. કોરોનાનુ સંક્રમણ નોધપાત્ર ઘટશે. ભય ઓછો થશે આ ઉપરાંત સપ્ટેમ્બરના અંત બાદ કોરોનાની અસરકારક કાટ પણ મળી જાય તેવી સંભાવના હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે.

## વેક્સિન પણ આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી. તેને મેડિકલ વૉચડૉગની ગુણવત્તાની તપાસ પાસ કરવી પડશે. ૧૦થી ૧૩ સપ્ટેમ્બરની વચ્ચે રશિયન સરકારને નાગરિક ઉપયોગ માટે વેક્સીનની એક બેચને ઈશ્યૂ કરવાની મંજૂરી મેળવવાની છે. ત્યારબાદ આ વેક્સીનને સામાન્ય નાગરિકો માટે ઈશ્યૂ કરી દેશે. રશિયાના એક ઉચ્ચ અધિકારીએ કહ્યું કે, આગામી સપ્તાહથી કોરોના વાયરસ વેક્સીન સ્પૂતનિક વી નાગરિકો માટે રિલીઝ કરાશે. આ વેક્સીન રશિયાા પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિને ૧૧ ઓગસ્ટે લોન્ચ કરી હતી. આ વેક્સીનને મોસ્કોની ગાલલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે રશિયન સંરક્ષણ મંત્રાલય સાથે મળીને એડેનોવાયરસને બેઝ બનાવીને તૈયારી કરી છે.

## Y-કેટેગરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુસાર કંગના રણૌતને રૂ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે. આ સુરક્ષા આપવામાં આવતા વીઆઈપી લોકો માટે ૧૧ સુરક્ષાકર્મીઓને ખડેપગે રાખવામાં આવે છે. ૧૧ સુરક્ષાકર્મીઓમાં એક અથવા બે કમાન્ડો અને બે પીએસઓનો પણ સમાવેશ થાય છે. નોંધનીય છે કે ગયા વર્ષે જ કેન્દ્ર સરકારે રૂ કેટેગરી અંતર્ગત ૧૧થી વધારે લોકોને રૂ કેટેગરીની સુરક્ષા આપી હતી. જેમાં ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્માનો સમાવેશ થાય છે.

કંગના રણૌતે ટ્વીટ કરીને કહ્યું કે, આ એ વાતની સાબિતી આપે છે કે હવે દેશભક્ત અવાજને કોઈ ફાસીવાદી પોતાના પગ નીચે દબાવી નહીં શકે, હું અમિત શાહજીની આભારી છું તેઓ ઈચ્છત તો મને થોડા દિવસ બાદ મુંબઈ આવવાની સલાહ આપી શકતા હતા પરંતુ તેમણે ભારતની એક દીકરીના વચનોનું માન રાખ્યું, અમારા સ્વાભિમાન અને આત્મસમ્માનની લાજ રાખી, જય હિંદ.